## સુરતની એટીપીએલ કંપનીને ૧૦૦ મોસ્ટ ઈનોવેટીવ લોકોની યાદીમાં સ્થાન

સુરત, મંગળવાર

લેસર ટેકનોલોજી ક્ષેત્રે નીતનવા સંશોધનો કરી હીરા ઉદ્યોગની કાયાપલટમાં નોંધપાત્ર ફાળો આપનાર સુરતની STPL કંપીનીને ઈન્ડસ્ટ્રીના ટોચના ૧૦૦ મોસ્ટ ઈનોવેટિવ લોકોની યાદીમાં વિશ્વપ્રસિદ્ધ પ્રકાશન દ્વારા સ્થાન અપાયું છે. એક પત્રકાર પરિષદમાં મુંજાલ ગજ્જરે જણાવ્યું કે, મેગેઝીન ધ ફોટોનીક્સ-૧૦૦ નામે વાર્ષિક યાદી જાહેર કરે છે. જેમાં વિશ્વના ૧૦૦ વ્યક્તિને સ્થાન મળે છે. હીરા ઉદ્યોગમાં STPL કંપીની ડાયમંડ એનાલીસિસ અને પ્લાનિંગ, ડાયમંડ કટિંગ, બ્લોકિંગ અને સેફ ડાયમંડ ટ્રેડિંગ સુધીની તમામ પ્રકિયાઓ માટે સમાધાન વિકસાવે છે.



